# બાયડના તેનપુર અને ભુંડાસણ ગામે ગૌરવ યાત્રાનો પાટીદાર મહિલાઓ દ્વારા અનોખો વિરોધ

બાયડ, તા. ૯

અરવલ્લી જિલ્લામાં ગૌરવયાત્રા પ્રવેશતાની સાથે જ પાટીદારોને ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો. બાયડ તાલુકાના તેનપુર અને ભુંડાસણ ગામ પાસેથી પસાર થતી ગૌરવ યાત્રાનો પાટીદાર મહિલાઓ અને પાટીદારોએ ભારે વિરોધ નોંધાવતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. પોલીસતંત્ર દ્વારા એસ.આર.પી જવાનો સહીત મોટી સંખ્યામાં પોલીસ જવાનોનો ખડકલો હોવા છતાં પાટીદારોના વિરોધને ખાળવામાં નિષ્ફળ રહ્યા હતા. પોલીસતંત્ર દ્વારા ૧૦થી વધુ વિરોધ કરનાર લોકોની અટકાયત કરી હતી.

ગુજરાત સરકાર અને ભાજપ દ્વારા યોજાયેલ ગૌરવયાત્રાનો અરવલ્લી જિલ્લામાં પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવી હાલત પેદા થયી હતી અને જિલ્લામાં દહેગામથી પ્રવેશેલી ગૌરવયાત્રાનો તેનપુર અને ભુંડાસણ ખાતે સ્વાગતના બદલે પાટીદારો દ્વારા ભારે વિરોધ નોંધાવતા ગુજરાત સરકારના પદાધિકારીઓ અને અધિકારીઓ અચંબિત બની ગયા હતા. તેનપુર અને ભુંડાસણ ગામે ગૌરવયાત્રાને આવકારતા બોર્ડ પાટીદારો દ્વારા ઉતારી લઈ તેમના સ્થાને પાસના બોર્ડ અને પાટીદાર અનામત આંદોલન સમિતિના ધ્વજ ફરકવાની સાથે ગૌરવયાત્રાનો પાટીદાર મહિલાઓ દ્વારા માર્ગની બંને બાજુ ઉભા રહી થાળી વેલણ વગાડી જોરદાર વિરોધ નોંધવાની સાથે બટાકાના પૂરતા ભાવ મળતા ના હોવાથી રોડ પર બટાકા નાખી વિરોધ પ્રદર્શન કરતા જિલ્લા ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોમાં ભારે દોડધામ મચી હતી. અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા વિરોધ પ્રદર્શન થવાનો અણસાર આવી જતા મોટી સંખ્યામાં એસ,આર,પી જવાનો પોલીસ જવાનોનો મોટો કાફલો ખડકવાની સાથે વજ અને અશ્રુવાહન તૈનાત કરવામાં આવ્યા હતા પરંતુ પાટીદારો વિરોધ પ્રદર્શન કરવામાં સફળ રહેતા વિરોધ પ્રદર્શિત કરનાર ૧૦થી વધુ લોકોની અટકાયત કરી હતી. હાઈ વોલ્ટેજ ડ્રામાં બાદ બાયડ ખાતે ગૌરવયાત્રા પહોંચી હતી અને સભામાં પરિવર્તિત થતા ભાજપના અગ્રણીઓ, વહીવટીતંત્રે હાશકારો અનુભવ્યો હતો. બાયડ ખાતે સભામાં પાંખી હાજરીથી ગુજરાત ભાજપ પ્રદેશ અને જિલ્લાના ભાજપ પદાધિકારીઓમાં વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીઓમાં અરવલ્લી જિલ્લોસર કરવા કપરા ચઢાણ સાબિત થવાના એંધાણ આવી ગયા હતા.








# શામળાજીથી વાયા મોડાસા ગોધરા રાજ્ય ધોરીમાર્ગ નં. ૨૭ પર પડેલા ગાબડાથી વાહનચાલકો ત્રસ્ત

અરવલ્લી, તા. ૯

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતો રાજ્ય ધોરીમાર્ગ નં. ૨૭ શામળાજીથી વાયા મોડાસાથી પસાર થતો ગોધરા સુધીના માર્ગ પર ચોમાસામાં અનેક જગ્યાએથી તુટી જતા અને માર્ગ પર મસમોટા ગાબડાં પડતા વારંવાર અકસ્માતની ઘટનાઓ બની રહેતી તેમજ રોડ પર પડેલા અડધાથી એક ફૂટ ઊંડા ખાડાઓથી અહીંથી પસાર થતાં વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે. અને વાહનોને પણ ભારે નુકસાન થઈ રહ્યુ છે. ત્યારે આ માર્ગ પર રોજનો લાખ્ખો રૂપિયાનો ટોલટેક્સ ઉઘરાવતી હોવા છતાં રોડની યોગ્ય મરામત ન કરતા વાહનચાલકોની હાલત કફોડી બની ગઈ છે. રાજ્ય સરકાર અને જવાબદારતંત્ર દ્વારા આ ખાનગી કંપની સામે પગલાં ભરવામાં આવે તેવી લોક માંગણી પ્રબળ બની છે.

શામળાજીથી વાયા ગોધરા હાઈવે માર્ગનું રાજ્ય સરકાર દ્વારા એલ.એન્ડ.ટી. નામની ખાનગી કંપની સાથે નવીનીકરણ કરી ૨૦૧૨માં પ્રજાજનો અને વાહનચાલકો માટે ખુલ્લો મુકાયો હતો અને આ ખાનગી કંપનીને ૨૦ વર્ષ માટે કરાર મુજબ સોંપવામાં આવ્યો હતો પરંતુ કંપની દ્વારા ફક્ત ટોલટેક્સ જ ઉઘરાવવામાં રસ હોય તેમ મોડાસાના ગાજણ ગામ નજીક અને માલપુરના ગલિયાદાંતી ગામ નજીક ટોલબુથ ઉભા કરી ઉત્તર ભારતમાંથી દક્ષિણભારતમાં જતાં અને મુંબઈથી દિલ્હીને જોડતો ટૂંકો માર્ગ હોવાથી અહીંથી પસાર થતા રોજના હજ્જારો ટ્રકચાલકો પાસેથી લાખ્ખો રૂપિયાનો ટોલટેક્સ ઉઘરાવી ગજવામાં સેરવી લે છે પણ રોડ પર પડેલા મોટા મોટા ખાડા અને ઠેર ઠેર પડેલા ગાબડાંનું સમારકામ કરવાનું સુજતુ ન હોવાથી અહીંથી પસાર થતા વાહનચાલકો પરેશાન બની ગયા છે. શામળાજીથી ગોધરા જતા માર્ગો પર પડેલા ખાડાઓના લીધે અહીંથી પસાર થતા ભારવાહક વાહનો, નાના મોટા વાહનો અને બાઈકચાલકો ખાબકતા અકસ્માતનો ભોગ બને છે અને આ ખાડાઓથી સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા વાહનચાલકો છાસવારે પલટી મારી જતા હોવાની અને ખાડાઓમાં ખાબકતા વાહનચાલકોથી થતા અકસ્માતોમાં અનેક નિર્દોષ લોકોએ જાનથી હાથ ધોવા પડ્યા હોવાની અને શરીરે ગંભીર ઈજાગ્રસ્ત થવાની ઘટનાઓ બની રહી છે. તેમ છતાં એલ.એન્ડ.ટી. કંપની દ્વારા રોડ પર પડેલા ખાડાઓની મરામત કરવામાં ન આવતાં જિલ્લાના પ્રજાજનોમાં ખાનગી કંપની દ્વારા રોડ પર પડેલા ખાડાઓ પુરવામાં આવે અને શામળાજીથી ગોધરા રોડની મરામત કરવામાં આવે તેવી પ્રબળ માંગ બની છે અને રાજ્ય સરકારના જવાબદાર તંત્ર અને જિલ્લા કલેક્ટર દ્વારા ખાનગી કંપની સામે જો મરામત કરવામાં ન આવે તો યોગ્ય દંડનીય કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.



## જ્ઞાન તપોવન વિદ્યામંદિર, ભિલોડામાં અભિયાન યોજાયું

ભિલોડા, તા. ૯

અરવલ્લી આદિજાતી વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત જ્ઞાન તપોવન વિદ્યામંદિર, ભિલોડામાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે આજુબાજુની સોસાયટીઓ અને જાહેરમાર્ગો ઉપર સ્વચ્છતા અભિયાન યોજ્યુ હતુ.

આજુબાજુના રહીશોમાં સ્વચ્છતા અંતર્ગત રેલી યોજીને લોકોમાં જન જાગૃતિ લાવવા માટેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત યોજાયેલ આ કાર્યક્રમનો સફળ બનાવવા શાળાનો સમગ્ર સ્ટાફ ખડેપગે રહ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટી પ્રકાશભાઈ સતત હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.




## બોલુન્દ્રા પ્રાથમિક શાળાનું ગૌરવ

ભિલોડા તાલુકાના બોલુન્દ્રા ગામની બોલુન્દ્રા પ્રાથમીક શાળા જીલ્લા કક્ષાના ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ પ્રદર્શનમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી બોલુન્દ્રા પ્રાથમીક શાળા,તાલુકાનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. જીલ્લા કક્ષાના ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૭ ધનસુરા જે. એસ. મહેતા હાઈસ્કુલમાં યોજાયું હતું. વિભાગ-૧ સ્વાસ્થ્ય અને પર્યાવરણ વિભાગમાં બોલુન્દ્રા પ્રાથમીક શાળા વિદ્યાર્થીઓ (૧) ચિરાગ ભરતભાઈ બામણીયા (૨) કુલદીપ દિનેશભાઈ પગી, માર્ગદર્શક શિક્ષક વિવેક એલ.નાયક ધ્વારા રજુ કરાયેલ ટ્રાફીક પર થતું પ્રદુષણ અટકાવવું કૃતિને પ્રથમ નંબર પ્રાપ્ત થયો હતો. જીલ્લા કજ્ઞાએ ભિલોડા તાલુકાનું નામ રોશન કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. બોલન્દ્રા પ્રાથમીક શાળા આચાર્ય ઈન્દ્રજિત એન. પંચાલ, સ્ટાફ પરીવાર, સરપંચ, એસ.એમ.સી. સભ્યો, ગ્રામજનો, ભિલોડા તાલુકા ટી.પી.ઈ.ઓ.એ શાળાના વિદ્યાર્થીઓને બિરદાવી રાજ્ય કક્ષાએ શાળા પ્રથમ નંબર પ્રાપ્ત કરે તેવી આશા વ્યક્ત કરી હતી.

## કાંકરેજના કંબોઈ ગામે મહિલા દ્વારા શરીરે કેરોસીન છાંટી સળગી આત્મહત્યા

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના કંબોઈ ગામે તા. ૬-૧૦-૧૭ના રોજ સવિતાબેન કનુજી રે. કંબોઈ, કાંકરેજ, જિ. બનાસકાંઠાએ પોતાના સાસરીયાના શારીરિક અને માનસિક ત્રાસથી શરીર ઉપર કેરોસીન છાંટી આત્મહત્યા કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. જેને શિહોરી રેફરલમાં પી.એમ. કરાવી શિહોરી પો.સ્ટે. ગુના નં. ૫૮/૧૭ આઈપીસી ૩૦૬, ૪૯૮ ક. ૧૧૪ મુજબ ફરિયાદ ઠાકોર જયંતીજી ભેમાજીએ કંબોઈના આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. આરોપી કનુજી ઝેણાજી સોલંકી, ક્રિષ્ણાબેન ઝેણાજી, ઝેણાજી નવાજી, જીતુજી ઝેણાજી, કુબેરજી ઝેણાજી સોલંકી આ પાંચેય વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી પીએસઆઈ બી.એમ. કરમટા તપાસ ચલાવી રહ્યા છે. જોકે કંબોઈ ગામની નોંધણી પાટીના આવા બનાવથી અરેરાટી વ્યાપી જવા પામી છે. અને મરનારના સગાએ ફરિયાદ કરતા દહેજના દાનવો માથે આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે.

## અંબાઈગઢા પુલનું લોકાર્પણ

ખેડબ્રહ્મા તાલુકાના અંબાઈગઢ ગામે સાબરમતી નદી ઉપર બનાવેલ પુલ નું શનિવારે ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલે લોકાર્પણ કરી લોકો માટે ખુલ્લો મુક્યો હતો. ૩ વર્ષમાં તૈયાર થયેલ પુલ ૪૫૦ મીટર લમ્બો છે જેને ૧૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. આ પુલ તૈયાર થતા નદી પરના ગામોને ખેડબ્રહ્મા સાથે સીધો સંપર્ક થશે જેને લીધે સમય અને પૈસાનો બચાવ થશે. આ પ્રસંગે કોંગ્રેસ સમિતિના તાલુકા પ્રમુખ જનકસિંહ વાઘેલા, કનુભાઈ પટેલ, નરેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ગામલોકો હજાર રહ્યા હતા.




## ખેડબ્રહ્મા શહેર યુવા દ્વારા કાર બાઇક રાઇડ યોજાઇ

ખેડબ્રહ્મા શહેરમાંથી આજરોજ યુવા દ્વારા યુવા હોલ ખાતેથી ૭૦ / થી ૮૦ જેટલી બાઇક તમામ લકઝરી વીઆઈપી રેન્જમાં ૩૦૦ થી વધુ સી.સી. ધરાવતા બાઇક તેમજ અન્ય ૫૦થી વધુ કારમાં વંચિત ૨૦૦થી વધુ બાળકોને બેસાડીને શહેરના રસ્તા પર ફરાવવામાં આવ્યા હતા. જેમાં મોટા ભાગના યુવાના કાર્યકરો જોડાયા હતા.

## અરવલ્લી જિલ્લા વન વિભાગ તંત્ર દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી નીમીત્તે રેલી યોજાઈ

અરવલ્લી જિલ્લા વનવિભાગ તંત્ર દ્વારા રવિવારે મોડાસા શહેરના ચાંદ ટેકરી વિસ્તારમાં આવેલી વડી કચેરીથી જનજાગૃતિ અર્થે શામળાજી નજીક આવેલા દેવની મોરી સુધી બાઈક રેલી યોજાઈ હતી અને દેવમોરી ખાતે સભાને સંબોધી હતી. બાઈક રેલીમાં જિ. વન વિભાગ તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ જોડાયા હતા.

# પ્રાંતિજમાં ખેતરવાળા મા મેલડી માતાજીનો પાંચમો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન પર આવેલ શ્રી ખેતરવાળા મા મેલડી માતાજીનો પાંચમો પાટોત્સવ યોજાયો હતો. જેમાં દુરદુરથી માઇ ભકતો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ મા ખેતરવાળી મેલડી માતાના મંદિર ખાતે ત્રિદિવસ્ય પાંચમો પાટોત્સવ યોજાયો હતો. જેમાં મંદિરથી ભાંખરીયા બસસ્ટેન્ડ સુધી વાજતે ગાજતે માતાજીની શોભાયાત્રા નીકળી હતી અને રાત્રીના લોકડાયરો યોજાયો હતો. જેમાં રોહિત ઠાકોર, મિતલ ઠાકોર સહિતના કલાકારો દ્વારા ડાયરો જામ્યો હતો.

જયારે યજ્ઞ, મહાઅભિષેક, હોમ કર્મ સહિત કાર્યક્રમો યોજાયા હતા. જયારે શ્રીફળ હોમ, મહાઆરતી, મહા પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા. જયારે શકિત ઉપાસક પંકજભાઈ રાવલ (જયમાડી) તથા મેલડી માઈ મંડળ દ્વારા સુદર આયોજન કરવામાં આવ્યું હતું. જયારે પ્રાંતિજ તથા ગુજરાતભરમાંથી માઈ ભકતો મા ના પાટોત્સવમાં અમદાવાદ, બરોડા, આણંદ, મહેસાણા, સુરત, હિંમતનગર વગેરે જગ્યાએથી માઈ ભકતો ઉમટી પડયા હતાં અને મા મેલડી ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.






# જિલ્લા કક્ષાનુ ધનસુરા ખાતે ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન

અરવલ્લી જિલ્લાનો તૃતિય ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન ધનસુરાની જે.એસ. મહેતા હાઈસ્કૂલમાં યોજાયો. જેમા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ઈડર ધ્વારા યોજાયેલા આ ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શનમા જિલ્લાભરમાંથી ૫૦ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. જેમા ભાગ લીધેલી શાળાઓનું પરિણામ જાહેર કરાયુ હતુ. ધનસુરાની જે.એસ. મહેતા હાઈસ્કૂલ વિભાગ-૨ માં જિલ્લા કક્ષાએ પ્રથમ આવી હતી. કૃતિનું નામ રહેઠાણના વિવિધ મકાનો પર અસર કરતા પરિબળો ધનસુરા જે.એસ.મહેતા હાઈસ્કૂલ ખાતે યોજાયેલા આ ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન બે દિવસ સૂધી ચાલ્યો હતો. ત્યાર બાદ પ્રાથમિક શાળા વિભાગમા એક થી પાંચ નંબર અને માધ્યમિક શાળા વિભાગમા એક થી પાંચ નંબર પર આવેલ શાળાઓને શિલ્ડ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાંતીભાઈ એસ. પટેલ, ઉપ પ્રમુખ અરવિંદભાઈ જે. પટેલ, મંત્રી વિઠ્ઠલભાઈ પટેલ, ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલ ના આચાર્ય પ્રકાશભાઈ પટેલ, શિક્ષક રોહિતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા.

## પ્રાંતિજના બે વિદ્યાર્થીઓ કલા મહાકુંભમાં તાલુકા અને જિલ્લામાં પ્રથમ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શિવ મ્યુઝીક અને હિત મ્યુઝીક ક્લાસમાં ઓર્ગન શીખતા બે વિદ્યાર્થીઓ કલા મહાકુંભ-૨૦૧૭માં તાલુકા અને જિલ્લા લેવલે પ્રથમ આવ્યા છે.





પ્રાંતિજ ખાતે આવેલ શિવ મ્યુઝીક અને હિત મ્યુઝીક કલાસીસના બે વિદ્યાર્થીઓ તાજેતરમાં જ કલા મહાકુંભ-૨૦૧૭માં સંગીતકક્ષાએ મકવાણા ભાવેશકુમાર શામળભાઈ તથા વાઘેલા વિવેકકુમાર મુકેશભાઈ બન્ને તાલુકામાં અને જિલ્લામાં પ્રથમ આવતાં પ્રાંતિજ તથા સમાજ તથા શિવ મ્યુઝીક અને હિત મ્યુઝીક કલાસીસનું ગૌરવ વધાર્યુ છે. જ્યારે બન્ને પ્રથમ આવતા સંગીત ટીચર મુકુંદભાઈ રાવલે બન્ને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



## ભિલોડાના મઉંટાંડા ગામની સીમમાં ૧૫ ફુટ લાંબો અજગર પકડાયો

ભિલોડા તાલુકાના મઉંટાંડા ગામના સીમવિસ્તારમાંથી ૧૫ ફુટ લાંબો અજગર પકડાયો છે. ખેડુતો, શ્રમજીવીઓ, પશુપાલકો અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડાના કિર્તીકુમાર રૂગનાથસિંહ બારોટની જમીન મઉંટાંડા ગામના સીમવિસ્તારમાં આવેલ છે. અજગર છેલ્લા બે મહિનાથી વસવાટ કરતો હતો ત્યારે સીમવિસ્તારમાં ખેડુતો અને શ્રમજીવીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો. વન વિભાગના અધિકારીઓને વારંવાર જાણ કરવા છતાં અજગરને ઝડપી લેવામાં આવતો ન હતો. મઉંટાંડા ગામના સીમવિસ્તારમાં અંદાજીત ૧૫ ફુટ લાંબો અને અંદાજીત ૨૦ થી ૨૫ કિલો વજન ધરાવતા અજગરએ નીલ ગાયના બચ્ચાનો શિકાર બનાવી અડધું બચ્ચુ અજગર ગળી ગયો હતો પરંતુ ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા ત્યારે નીલ ગાયના બચ્ચાનું મારણ કરી અજગર ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ખેડુતો,શ્રમજીવીઓમાં ભારે ફફડાટ ફેલાયો હોવાના કારણે લોકોના ટોળાએ મહાકાય અજગરને ઘાસમાંથી શોધી કોથળામાં ભરી ભિલોડા વન વિભાગના અધિકારીઓને સોપી દીધો હતો ત્યારે વન વિભાગના અધિકારીઓએ મહાકાય અજગરને નિર્જન જંગલમાં સલામત રીતે છોડી દીધો હતો.